અનુસૂચિત જાતિના તબીબી સ્નાતકો એમ.બી.બી.એસ/બી.એ.એસ.એમ ને સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા લોન આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃએસસીડબલ્યુ/૧૦૨૦૦૭–ન.બા.૪૫(૧૭)–ગ(૨)
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ– – 2 JUN 2008

વંચાણે લીધાઃ–

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૩૧/૩/૯૮ નો ઠરાવ ક્રમાંકઃએસસીડબલ્યુ/૧૦૯૭/ન.બા.૩૦/ગ
(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૩/૩/૨૦૦૭ નો ઠરાવ ક્રમાંકઃએસસીડબલ્યુ/૧૦૨૦૦૭/ન.બા.૪૫/ગ (૨)
(૩) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૩/૫/૨૦૦૮ ની ૨૨ યાદી ક્રમાંકઃબીયુડી/૧૦૨૦૦૮/૧૦૨૭/બ

નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ
ગ્રા. સા. ગાંધીનગર
- 4 JUN 2008
૨૨૫૮
આવક નં.

ઠ રા વ:–

આમુખમાં દર્શાવેલ સામાજીક ન્યાય અને અધિકારી વિભાગના તા.૩૧/૩/૯૮ ના ઠરાવથી અનુસૂચિત જાતિના તબીબી સ્નાતકો એમ.બી.બી.એસ/બી.એ.એસ.એમ.ને પોતાનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે રૂ.૨૫,૦૦૦/– સહાય તથા રૂ.૪૦,૦૦૦/– લોન આપવાની યોજના અમલમાં મુકવામાં આવી હતી તેમજ આમુખમાં દર્શાવેલ તા.૨૩–૩–૦૭ ના ઠરાવથી અનુસૂચિત જાતિના તબીબી સ્નાતકોને લોનની રકમ રૂ.૪૦,૦૦૦ થી વધારીને રૂ.૨.૦૦ લાખ આપવાનું ઠરાવવામાં આવેલ હતું પ્રવર્તમાન સંજોગોમાં આ રકમ અપુરતી હોઈ તેમાં વધારો કરવા તથા આ યોજનાના લાભ બાબતે આવક મર્યાદા રૂા.૨૪,૦૦૦/– ની છે તેમાં સુધારો કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે અનુસૂચિત જાતિના તબીબી સ્નાતકો એમ.બી.બી.એસ/ બી.એ.એસ.એમ ને સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે રૂ.૨૫,૦૦૦/– સહાય અને રૂ.૨.૫૦ લાખ લોન આપવા નીચે જણાવેલ શરતોને આધીન રૂ.૨.૫૦ લાખની નવી બાબતને મંજુરી આપવામાં આવે છે.

(૧) સને ૨૦૦૮–૦૯ ના વર્ષની બજેટ જોગવાઈને આધીન રહીને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચકરવાનો રહેશે.

(૨) આ અંગેનુંખર્ચ સરકારશ્રી ધ્વારા વખતો વખત નક્કી કરવામાં આવેલ જોગવાઈઓ અને લાગુ પડતા ધારાધોરણોને આધિન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૩) આ યોજના માટે આવક મર્યાદા રૂા.૫૦,૦૦૦/– ની રહેશે.

(૪) યોજનાના ઠરાવની મૂળ શરતો/જોગવાઈ યથાવત રહેશે અને આ અંગેનો વધારાનો કોઈ ખર્ચ મળવાપાત્ર થશે નહી.

(૫) આ યોજના અંગેનું ખર્ચ તા.૧/૪/૨૦૦૮ થી કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચસને ૨૦૦૮–૦૯ ના અંદાજપત્રમાં થયેઈ જોગવાઈના નીચે દર્શાવેલ બજેટ સદરે ઉધારવાનો રહેશે.

મુખ્ય સદર–૬૨૨૫ અનુસૂચિત જાતિઓ અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગો માટે લોન, પેટા મુખ્ય સદર–(૦૧) અનુસૂચિત જાતિઓનું કલ્યાણ ગૌણ સદર–૧૯૩ સ્વૈચ્છિક સંસ્થાઓને લોન, પેટા સદર–(૦૧) બીસીકે–૨૭૨ – ડા.પી.જી. સોલંકી કાયદા અને તબીબી સ્નાતકોને લોન સહાય.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાંણા વિભાગની તા.૩૧/૩/૨૦૦૮ ના રોજ મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.યુ.ખત્રી)
સેકશન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પ્રતિ,
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર

નં.અજાક/મ/૪/૨૦૦૮/૩૬૮૬૩૮૦૩
નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ,
૪/૨, ડા.જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજય, ગાંધીનગર.
તારીખ.૧૬/૬/૨૦૦૮

નકલ રવાના જરૂરી કાર્યવાહી સારૂ
જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી,
જિલ્લો:-

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ,
ગુજરાત રાજય ગાંધીનગર.